**અમદાવાદ(ગ્રામ્ય)નાં મે. ૮માં એડી. સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ, મુ. મીરઝાપુર, અમદાવાદ.**

**ફોજદારી કેસ નંબર – 5213/૧૬**

ફરીયાદીઃ – શ્રી સરકાર

વિ.

આરોપીઓ: – સંજયભાઈ જાદવ–૧૧

<u>**ગુન્હોઃ – ધી જુગાર ધારા અધિનીયમ – ૧૨ મુજબ**</u>

<u>**ચુકાદો**</u>

૧. આરોપીઓ વિરુધ્ધ એવો આરોપ છે કે, આરોપી નં.– ૧ થી નાંઓએ તા. નાં કલાક વાગ્યાનાં સુમારે આગળ ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગોળ કુંડાળું વાળી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રેઈડ દરમ્યાન પૈસા પાનાંનો જન્ના મન્નાનો હારજીતનો જુગાર રમી રમાડતાં જુગારનાં સાધનો સાથે પકડાઈ જઈ ગુનો કરેલ હોઈ આરોપીઓએ ધી જુગારધારા ની કલમ ૧૨ મુજબ ગુનો કરવા બદલ પોલીસે અટક કરી હાલનું ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપી કોર્ટમાં હાજર થતાં ફરીયાદ પક્ષનાં પુરાવાની નકલો આપેલ છે. આરોપીઓએ આંક ........... થી ગુના કબુલાત પુરસીસ આપેલ છે . આરોપીનું આંક ......... થી નિવેદન લેતાં ગુના કબુલાતની પુરસીસને વળગી રહે છે. આરોપીને સ્વૈચ્છિક ગુના કબુલાત ધ્યાને લઈ ઉપરોક્ત ગુના અંગે તક્સીરવાન ઠરાવું છું.

૩. આરોપીને સજા અંગે સાંભળ્યા. આરોપીની ગુના કબુલાતની પુરસીસ તથા ગુનાનાં સંજોગોને ધ્યાને લીધા. ના. ગુજરાત વડી અદાલતનાં "રાજ્ય વિરૂધ્ધ નટવર હિરચંદજી ઠાકોર" (૨૦૦૫(૧) ગુ.લો.રીપોર્ટર પાનું ૭૦૯) નો ચુકાદો ધ્યાને લીધો. આરોપીની કબુલાત પુરસીસ તથા ગુનાનાં

સંજોગો ધ્યાને લેતાં આરોપીને કાયદા અનુસારની ન્યુનત્તમ કે મહત્તમ સજા ના કરવાથી પણ ન્યાયનું હિત જળવાઈ રહેશે તેમ જણાતું હોઈ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ ૨૫૨ નીચે આરોપીઓને ધી જુગારધારા ની કલમ ૧૨ મુજબ નીચે શિક્ષા પાત્ર ગુના માટે તક્સીરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રત્યેક આરોપીને રૂ.100/– દંડ (કુલ દંડ રૂ. ૩૦૦ દંડ) ના ભરે તો કોર્ટ ઉઠતા સુધી ની સાદી કેદની સજા ફરમાવું છું.

આજ **<u>તારીખ ૪ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૮</u>** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૮/૦૯/૨૦૧૮
અમદાવાદ.

(અભિષેક સાહુ.)
UIC NO G J 01429
૯ માં એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય) મીરઝાપુર.